કર્મગ્રંથોનું સંપાદન*

કર્મગ્રંથ દ્વિતીય વિભાગનું નવીન સંસ્કરણ—આ વિભાગમાં તપાગચ્છીય માન્ય આચાર્ય-પ્રવર શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત શતક નામના પાંચમા કર્મગ્રંથનો અને આચાર્ય શ્રી મલયગિરિકૃત ટીકાયુક્ત **સિત્તરિ** નામના છઠ્ઠા કર્મગ્રંથનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બન્નેય સટીક કર્મગ્રંથોને બીજા વિભાગ તરીકે પ્રસિદ્ધિમાં લાવવા માટેનો યશ વર્ષો અગાઉ શ્રી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગરે પ્રાપ્ત કર્યો છે. આજે એ પ્રકાશન અલભ્ય હોવાથી અમે એને બીજી વાર પ્રકાશમાં લાવવા પ્રયત્ન કરીએ છીએ. આ વખતના પ્રકાશનમાં સંશોધનકાર્ય માટે પ્રાચીનતમ તાડપત્રીય અને કાગળની પ્રતોનો ઉપયોગ કરવા ઉપરાંત ટીકાકારોએ ટીકામાં ઉદ્ધૃત કરેલાં પ્રમાણોનાં સ્થળોની નોંધ અને પ્રાકૃત પાઠોની છાયા પણ આપવામાં આવી છે. આદિમાં અને અંતમાં કર્મગ્રંથના અભ્યાસીઓને અતિ ઉપયોગી વિષયાનુક્રમ, પરિશિષ્ટ વગેરે પણ આપવામાં આવ્યાં છે, જેનો પરિચય આ નીચે કરાવવામાં આવે છે:

કર્મગ્રંથનાં પરિશિષ્ટ આદિ—આ વિભાગના અંતમાં અમે ચાર પરિશિષ્ટ આપ્યાં છે. પહેલા પરિશિષ્ટમાં ટીકાકારોએ ટીકામાં ઉદ્ધૃત કરેલાં આગમિક તેમ જ શાસ્ત્રીય ગદ્ય–પદ્ય પ્રમાણોની અકારાદિ ક્રમથી અનુક્રમણિકા આપી છે, બીજા–ત્રીજા પરિશિષ્ટમાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોનાં નામોની સૂચી છે અને ચોથા પરિશિષ્ટમાં પાંચમા–છઠ્ઠા કર્મગ્રંથમાં તેમ જ તેની ટીકામાં આવતા પારિભાષિક શબ્દોનો કોષ (જેની વ્યાખ્યા આદિ મૂળ કે ટીકામાં હોય) સ્થળનિર્દેશપૂર્વક આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત આ વિભાગની શરૂઆતમાં વિષયાનુક્રમણિકા પછી અમે षट्कर्मग्रन्थान्तर्गतविषय-तुल्यतानिर्देशकानां दिगम्बरीयशास्त्रमध्यवर्तिनां स्थलानां निर्देशः" એ મથાળા નીચે છયે કર્મગ્રંથમાં ગાથાવાર આવતા વિવિધ વિષયો સમાનપણે કે વિષમપણે દિગમ્બરીય શાસ્ત્રોમાં ક્યાં ક્યાં આવે છે તેને લગતી એક અતિ મહત્ત્વની નોંધ આપી છે. આ વિદ્વત્તાપૂર્ણ નોંધ દિગમ્બર જૈન વિદ્વાન ન્યાયતીર્થ ન્યાયશાસ્ત્રી પં. શ્રી મહેન્દ્રકુમાર મહાશયે તૈયાર કરી છે. આ નોંધ કર્મગ્રંથના વિશિષ્ટ અભ્યાસીઓને એક નવીન માર્ગનું સૂચન કરે છે. અમે ઇચ્છીએ છીએ કે આ ગૌરવભર્યા સંગ્રહનું કર્મવિષયક સાહિત્યના વિશિષ્ટ અભ્યાસીઓ ધ્યાનપૂર્વક અવલોકન કરે.

---

* પંચમ અને ષષ્ઠ કર્મગ્રન્થના, સ્વ. ગુરુવર્ય શ્રી ચતુરવિજયજી મહારાજે કરેલા સંપાદનની (પ્રકાશક: શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, સને ૧૯૪૦) પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મગ્રંથને અંગે અમારું વક્તવ્ય—શ્રી આત્માનંદ જૈન ગ્રંથરત્નમાલાના મુખ્ય સંચાલક અને એના પ્રાણસ્વરૂપ પૂજ્ય ગુરુવર શ્રી ચતુરવિજયજી મહારાજે સ્વસંપાદિત કર્મગ્રંથના પ્રથમ વિભાગની પ્રસ્તાવનામાં આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ અને તેમના નવ્ય પાંચે કર્મગ્રંથોનો વિસ્તૃત પરિચય આપ્યો છે, એટલે આ વિભાગની પ્રસ્તાવનામાં મારે જે કાંઈ કહેવાનું છે એ મુખ્યત્વે કરીને છઠ્ઠા કર્મગ્રંથ અને તેના કર્તા આદિને અંગે જ કહેવાનું છે.

છઠ્ઠા કર્મગ્રંથનું નામ—આ વિભાગમાં છપાયેલ છઠ્ઠા કર્મગ્રંથનું નામ **સિત્તરિ** છે. આ પ્રકરણની ગાથા સિત્તેર હોવાથી આને **સિત્તરિ** એ નામથી ઓળખવામાં આવે છે. એક જમાનો એવો પણ હતો જ્યારે ગ્રંથોને એના વિષય આદિ ઉપરથી ન ઓળખતાં માત્ર તેની પદ્યસંખ્યાને આધારે જ ઓળખવા-ઓળખાવવામાં આવતા હતા. આના ઉદાહરણ તરીકે આચાર્ય શિવશર્મકૃત શતક, આચાર્ય સિદ્ધસેનકૃત દ્વાત્રિંશિકા પ્રકરણ, આચાર્ય હરિભદ્રકૃત પંચાશકપ્રકરણ, વિંશતિવિંશતિકા પ્રકરણ, **ષોડશકપ્રકરણ, અષ્ટકપ્રકરણ**, આચાર્ય જિનવલ્લભકૃત **ષડશીતિપ્રકરણ** આદિ અનેકાનેક પ્રાચીનતમ જૈનાચાર્યકૃત ગ્રંથોનાં નામોનો નિર્દેશ કરી શકાય તેમ છે. આપણું ચાલુ પ્રકરણ પણ એ કોટિનું હોઈ એની ગાથાસંખ્યાને આધારે **સિત્તરિ** એ નામથી ઓળખવામાં આવે છે.

ગાથાસંખ્યા—અમારા પ્રસ્તુત પ્રકાશનમાં **સિત્તરિ** કર્મગ્રંથની ૭૨ ગાથાઓ છે. અંતની બે ગાથાઓ મૂળ પ્રકરણના વિષયની સમાપ્તિ ઉપરાંતની હોઈ તેને ગણતરીમાં ન લઈએ—અને ન લેવી જોઈએ—તો આ પ્રકરણનું આચાર્યે આપેલું **સિત્તરિ** એ નામ સુસંગત અને સાર્થક જ છે. શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી પ્રસિદ્ધ થયેલ દ્વિતીય વિભાગમાં, આ પ્રકરણની અમારા પ્રકાશનમાં આવતી ૭૨ ગાથા ઉપરાંત "पंच नव दुन्नि अट्ठा०" गा० ६ "बारसपणसट्ठसया०" गा० ४८ અને "**मणुयगइ जाइ तस०**" ગા૦ ૫૮ આ ત્રણ ગાથાઓ વધારે છે.

આ ત્રણ ગાથાઓ પૈકી "**पंच नव दुन्नि०**" ગાથા ૬ ટીકાકારે વર્ણવેલા આઠ કર્મની ઉત્તર-પ્રકૃતિઓના સ્વરૂપના અનુસંધાનમાં કોઈ વિદ્વાને ટિપ્પણરૂપે નોંધેલી અંદર પેસી ગઈ છે.

૫૮ મી ગાથા તરીકે મુકાયેલી "**મણુયગઇ જાઇ૦**" ગાથા સિત્તેરમી ગાથા[૧] તરીકે બીજી વાર આવતી હોવાથી એ પૈકી ગમે તે એક ઠેકાણે એ ગાથા પુનરુક્ત અને નિરુપયોગી છે. અહીં જોવાનું એટલું જ રહે છે, કે એ સ્થાન પૈકી કયા સ્થાનની ગાથા વધારાની છે? આનો ઉત્તર આપણને "**નાણંતરાયદસગં**" ગાથા[૨] ૫૭ની ટીકા જોતાં સહેજે મળી રહે છે કે, એકધારા ચાલતી ૫૭મી ગાથાની ટીકામાં ગાથાની અધૂરી ટીકાએ એકાએક વચમાં આવી પડતી "**મણુયગઇ જાઇ૦**" ગાથા ૫૮ તદ્દન અસંગત છે. એટલું જ નહિ, પણ જે ટીકાપંક્તિઓને "**મણુયગઇ**" ગાથાની ટીકા તરીકે માની લેવામાં આવી છે એ પણ એક ભૂલ થઈ છે. અસ્તુ. ખરું જોતાં ગાથા[૩] ૫૭માં "**નવનામ**" '**ઉચ્ચં ચ**' અને ગાથા[૪] ૬૯માં "**ઉચ્ચગોય નવનામા**" આ પ્રમાણે બે ગાથામાં '**નવનામ**' પદનો નિર્દેશ આવતો હોવાથી તેના સ્પષ્ટીકરણ માટે ટીકાકારે "नवनामेत्युक्तम् ततस्ता एव नव प्रकृतीर्दर्शयति" એ પ્રમાણેનું અવતરણ મૂકી ૭૦મી ગાથા[૫] તરીકે જે "**મણુયગઇ જાઇ૦**" ગાથા સ્વીકારી છે એ જ સુસંગત અને સૂત્રકારસંમત ગાથા છે.

---

૧. અમારા પ્રકાશનમાં આ ગાથા ૬૭મી છે.

૨. અમારા પ્રકાશનમાં આ ગાથા ૫૫મી છે. ૩. અમારા સંપાદન પ્રમાણે ગાથા ૫૫. ૪. અમારા સંપાદનને આધારે ગાથા ૬૬. ૫. અમારા સંપાદન મુજબ ગાથા ૬૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંશોધન માટે એકઠી કરેલી તાડપત્રીય વગેરે પ્રાચીન પ્રતોમાં પણ ઉપરોક્ત બંનેય ગાથાઓ નથી. ચૂર્ણિકાર ભગવાને ચૂર્ણિમાં "**પંચ નવ૦**" ગાથા લીધી છે ખરી, પણ તે માત્ર ઉત્તરપ્રકૃતિઓના વ્યાખ્યાનની સૂચના પૂરતી જ, નહિ કે સૂત્રકારની ગાથા તરીકે. "**મણુયગઇ જાઇ૦**" ગાથાનો તો ચૂર્ણિકારે ૫૮ મી ગાથાના સ્થાનમાં નિર્દેશ સરખોય કર્યો નથી, તેમ **ટબાકારે** પણ આ ગાથાનો નિર્દેશ કર્યો નથી. આ રીતે આ બંનેય ગાથાઓ સૂત્રકારસંમત નથી.

હવે રહી "**બારસપણસટ્ઠસયા૦**" ગાથાની વાત. આ ગાથા ઉપર અવતરણ તેમ જ ટીકા હોવા છતાં, અમે એને ચૂર્ણિકારના "एएसिं उदयविगप्पपयवंदनिरूवणत्थमन्तर्भाष्यगाथा–बारस-पणसट्ठसया०" આ કથનાનુસાર બીજી અન્તર્ભાષ્યગાથાઓની માફક મૂળ પ્રકરણની ગાથા તરીકે ગણતરીમાં લીધી નથી.

આ રીતે પ્રસારક સભાની આવૃત્તિમાં મૂળપ્રકરણગાથા તરીકે પ્રકાશન પામેલી ત્રણે ગાથાઓ **સિત્તરિપ્રકરણકાર**ની નથી. **સિત્તરિપ્રકરણ**ની તો ૭૨ ગાથાઓ જ છે.

મુદ્રિત પ્રકરણમાલા તેમ જ ટબા વગેરેમાં આ પ્રકરણની ૯૨ ગાથાઓ જોવામાં આવે છે; એ બધીયે વધારાની ગાથાઓ મોટે ભાગે અર્થની પૂર્તિ અને તેના સ્પષ્ટીકરણ માટે ચૂર્ણિકાર-ટીકાકારોએ **ચૂર્ણિ**-ટીકામાં આપેલી અન્તર્ભાષ્ય આદિની જ ગાથાઓ છે. આ વસ્તુ એના અંતમાં આવતી ગાથા ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે:

गाहग्गं सयरीए, चंदमहत्तरमयाणुसारीए ।
टीगाइ नियमियाणं, एगूणा होइ नउई उ ॥

ભાષા અને છંદ—જનકલ્યાણના ઇચ્છુક જૈનાચાર્યોએ લોકજિહ્વાને અનુકૂળ પ્રાકૃતભાષા અને ગ્રંથરચનાને અનુકૂળ આર્યા છંદને જ મુખ્યપણે પસંદ કરેલ હોઈ તેમની મૌલિક દરેક રચનાઓ પ્રાકૃત-ભાષા અને આર્યા છંદમાં જ થઈ છે. એ રીતે **સિત્તરી કર્મગ્રંથ**ની રચના પણ પ્રાકૃતભાષા અને આર્યા છંદમાં જ થઈ છે.

વિષય—પાંચમા-છઠ્ઠા કર્મગ્રંથના વિષયનો પરિચય આ વિભાગમાં આવેલી વિસ્તૃત વિષયાનુક્રમણિકા જોવાથી વાચકોને મળી રહેશે.

ગ્રંથકારો

નવ્ય પાંચ કર્મગ્રંથ અને તેની સ્વોપજ્ઞ ટીકાના પ્રણેતા આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિવરનો વિસ્તૃત પરિચય પૂજ્યપાદ ગુરુદેવ શ્રી ચતુરવિજયજી મહારાજે પ્રથમ વિભાગની પ્રસ્તાવનામાં આપેલો હોઈ અહીં માત્ર સપ્તતિકા પ્રકરણ અને તેની ટીકાના પ્રણેતાઓ વિષે જ વિચાર કરવામાં આવે છે.

સપ્તતિકાના પ્રણેતા

સપ્તતિકા પ્રકરણકારને લગતો પ્રશ્ન વિવાદગ્રસ્ત છે. સામાન્ય પ્રચલિત માન્યતા એવી છે કે એના પ્રણેતા **શ્રી ચન્દ્રર્ષિ મહત્તર** છે, અને માત્ર આ રૂઢ માન્યતાને અનુસરવા ખાતર પૂજ્ય ગુરુવર શ્રી ચતુરવિજયજી મહારાજશ્રીએ પણ કર્મગ્રંથના પ્રથમ વિભાગની પ્રસ્તાવનામાં અને આ વિભાગમાં સપ્તતિકાના શીર્ષકમાં "**શ્રીચન્દ્રર્ષિમહત્તરવિરચિત**" એમ જણાવ્યું છે, પરંતુ વિચાર કરતાં આ રૂઢ માન્યતાના મૂળમાં કોઈ પણ આધાર જડતો નથી.

સપ્તતિકા **પ્રકરણ મૂલ**ની પ્રાચીન તાડપત્રીય પ્રતોમાં **ચન્દ્રર્ષિ મહત્તર** નામ ગર્ભિત જે "**गाहग्गं**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सयरीए०" ગાથા (આ ગાથા અમે ઉપર લખી આવ્યા છીએ) જોવામાં આવે છે એ પણ આપણને सत्तरिના પ્રણેતા **ચન્દ્રર્ષિ મહત્તર** હોવા માટેની સાક્ષી આપતી નથી. એ ગાથા તો એટલું જ જણાવે છે કે, "**ચન્દ્રર્ષિ મહત્તર**ના મતને અનુસરતી ટીકાના આધારે सत्तरिની ગાથા (૭૦ ને બદલે વધીને) નવ્યાસી થઈ છે." આ ઉલ્લેખમાં सित्तरि પ્રકરણની ગાથામાં વધારો કેમ થયો એનું કારણ જ માત્ર સૂચવવામાં આવ્યું છે; પણ એના કર્તા વિષે એથી કશોય પ્રકાશ પડતો નથી. આચાર્ય શ્રી **મલયગિરિ** પણ ટીકાની શરૂઆતમાં કે અંતમાં એ માટે કશુંય જણાવતા નથી. એટલે આ રીતે सित्तरिના પ્રણેતા અંગેનો પ્રશ્ન અણઉકલ્યો જ રહે છે.

સિત્તરિ પ્રકરણ **ચન્દ્રર્ષિમહત્તરપ્રણીત** હોવાની માન્યતા અમને તો ભ્રમમૂલક જ લાગે છે. અને એ તેના અંતની "**ગાહગ્ગં સયરીએ.**[1]" ગાથામાં આવતાં **ચન્દ્રર્ષિ મહત્તર** એ નામ શ્રવણ માત્રમાંથી જ જન્મ પામેલ છે. અને **ટબ્બાકારે** કરેલા અસંબદ્ધ અર્થથી એ ભ્રમમાં ઉમેરો થયો છે.

ખરું જોતાં ચન્દ્રર્ષિ મહત્તરાચાર્યે **પંચસંગ્રહ** ગ્રંથની રચના કરી છે તેમાં **સંગ્રહ** કરેલા **અથવા** સમાવેલા **શતક, સપ્તતિકા, કષાયપ્રાભૃત, સત્કર્મ** અને **કર્મપ્રકૃતિ** એ પાંચે[2] ગ્રંથો ચન્દ્રર્ષિ મહત્તરના પહેલાં થઈ ગયેલ આચાર્યોની કૃતિરૂપ હોઈ પ્રાચીન જ છે. અત્યારની રૂઢ માન્યતા મુજબ ખરેખર જો **સપ્તતિકાકાર** અને **પંચસંગ્રહકાર** આચાર્ય એક જ હોત તો **ભાષ્યકાર, ચૂર્ણિકાર** આદિ પ્રાચીન ગ્રંથકારોના ગ્રંથોમાં જેમ **શતક, સપ્તતિકા, કર્મપ્રકૃતિ** આદિ ગ્રંથોનાં નામનો સાક્ષી તરીકે ઉલ્લેખ મળે છે તેમ પંચસંગ્રહ જેવા પ્રાસાદભૂત ગ્રંથના નામનો ઉલ્લેખ પણ જરૂર મળવો જોઈ તો હતો. પરંતુ એવો ઉલ્લેખ ક્યાંય જોવામાં નથી આવતો એ એક સૂચક વસ્તુ છે, અને આ ઉપરથી આપણે એ અનુમાન કરી શકીએ છીએ કે '**સપ્તતિકા**'ના પ્રણેતા પંચસંગ્રહકાર કરતાં કોઈ જુદા જ આચાર્ય છે કે જેમનું નામ આપણે જાણુતા નથી, અને તે પ્રાચીનતમ આચાર્ય છે.

સપ્તતિકાનો રચનાકાળ—ભગવાન શ્રી **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણે તેમના **વિશેષણવતી**[3] ગ્રંથમાં **સિત્તરિ** કર્મગ્રંથમાં આવતા વિષયને અંગે ચર્ચા કરી છે, ત્યાં **સિત્તરિ** પ્રકરણના નામનો ઉલ્લેખ કર્યો છે અટલે આ **પ્રકરણ** મહાભાષ્યકાર શ્રી **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણના કાળ પહેલાં રચાઈ ચૂકયું હતું એ નિર્વિવાદ હકીકત છે. ભગવાન શ્રી **જિનભદ્રગણિ**નો સમય વિક્રમની સાતમી સદીનો ગણાય છે એટલે એ પૂર્વે આ પ્રકરણ રચાયું હતું એમ માનવામાં કશી હરકત નથી.

---

૧. "**गाहग्गं सयरीए०**" ગાથાનો અર્થ **ટબ્બાકારે** આ પ્રમાણે કર્યો છે—"**ચન્દ્રમહત્તરાચાર્ય**-ના મતને અનુસરવાવાળી સિત્તેર ગાથા વડે આ ગ્રંથ રચાયેલ છે. તેમાં ટીકાકારે રચેલી નવી ગાથાઓ ઉમેરતાં નવ્યાશી થાય છે. ॥૮૧॥ વિવેચન—એ સપ્તતિકા ગ્રંથકર્ત્તા **ચન્દ્રમહત્તર** આચાર્યે તો પૂર્વે સિત્તેર જ ગાથા કરી હતી" ઇત્યાદિ. (શ્રેયસ્કરમંડળની આવૃત્તિ).

२. "सयगाइ पंच गंथा, जहारिहं जेण एत्थ संखित्ता। दाराणि पंच अहवा, तेण जहत्था-भिहाणमिणं ॥ २ ॥" पञ्चसंग्रहः। "पञ्चानां शतक–सप्ततिका–कशायप्राभृत-सत्कर्म–कर्मप्रकृति-लक्षणानां ग्रन्थानाम्, अथवा पञ्चानामर्थाधिकाराणां योगोपयोगमार्गणा–बन्धक–बन्द्धव्य–बन्धेहतु बन्धविधिलक्षणानां संग्रहः पञ्चसंग्रहः" (पंचसंग्रहः गाथा १, मलयगिरिटीका) ॥

३. "सयरीए मोहबंधट्ठाणा पंचादओ कया पंच। अनियट्टिणो छलुत्ता णवादओदीरणा-पगए ॥ ९० ॥ सरीयए दो विगप्पा, सम्मामिच्छं समोहबंधम्मि। भणिया उईरणाए, चत्तारि कहण्णु होज्जाहि ? ॥ ९१ ॥ इत्यादिकाः गाथा : ॥

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

અહીં સાથે સાથે એ વાત ધ્યાનમાં રહે કે **મહત્તર** પદ અને **ગર્ગર્ષિ, સિદ્ધર્ષિ, પાર્શ્વર્ષિ, ચન્દ્રર્ષિ** આદિ જેવાં ઋષિપદાંત નામો સામાન્ય રીતે પાછલા જમાનાના હોઈ **સિત્તરિ** પ્રકરણની રચનાનો સમય અને **ચન્દ્રર્ષિ મહત્તર** એ નામનો સંબંધ પણ વિષમતાભર્યો છે એ કારણસર પણ **સિત્તરિ**ના પ્રણેતા **ચન્દ્રર્ષિ મહત્તર** ઠરતા નથી.

સિત્તરિ પ્રકરણકાર વિષે આ કરતાં વિશેષ અમે અત્યારે કશું જ કહી શકતા નથી.

ટીકાકાર આચાર્ય શ્રી મલયગિરિ

સિત્તરિ ટીકાના પ્રણેતા આચાર્ય શ્રી **મલયગિરિ** છે એ આપણે ટીકાના અંતમાં આવતા નામોલ્લેખ પરથી જાણી શકીએ છીએ. એમનો શક્ય પરિચય અહીં કરાવવામાં આવે છે.

ગુણવંતી ગુજરાતની ગૌરવવંતી વિભૂતિ સમા, સમગ્ર જૈન પરંપરાને માન્ય, **ગૂર્જરેશ્વર મહારાજ શ્રી કુમારપાલદેવ** પ્રતિબોધક મહાન આચાર્ય શ્રી **હેમચન્દ્ર**ના વિદ્યાસાધનાના સહચર, ભારતીય સમગ્ર સાહિત્યના ઉપાસક, જૈનાગમજ્ઞશિરોમણિ, સમર્થ ટીકાકાર, ગુજરાતની ભૂમિમાં અશ્રાંતપણે લાખો શ્લોકપ્રમાણ સાહિત્યગંગાને રેલાવનાર આચાર્ય શ્રી **મલયગિરિ** કોણ હતા? તેમની જન્મભૂમિ, જ્ઞાતિ, માતા, પિતા, ગચ્છ, દીક્ષાગુરુ, વિદ્યાગુરુ વગેરે કોણ હતા? તેમના વિદ્યાભ્યાસ, ગ્રંથરચના અને વિહારભૂમિનાં કેન્દ્રસ્થાન કયાં હતાં? તેમનો શિષ્યપરિવાર હતો કે નહિ?—ઇત્યાદિ દરેક બાબત આજે લગભગ અંધારામાં જ છે. તે છતાં શોધ અને અવલોકનને અંતે જે કાંઈ અલ્પ–સ્વલ્પ સામગ્રી પ્રાપ્ત થઈ છે, તેને આધારે એ મહાપુરુષનો અહીં પરિચય કરાવવામાં આવે છે.

આચાર્ય શ્રી **મલયગિરિ**એ પોતે પોતાના ગ્રંથોના અંતની પ્રશસ્તિમાં "यदवापि मलयगिरिणा, सिद्धिं तेनाश्नुतां लोकः॥" એટલા સામાન્ય નામોલ્લેખ સિવાય પોતા અંગેની બીજી કોઈ પણ ખાસ હકીકતની નોંધ કરી નથી. તેમ જ તેમના સમસમયભાવી કે પાછળ થનાર લગભગ બધાય ઐતિહાસિક ગ્રંથકારોએ સુધ્ધાં આ જૈનશાસનપ્રભાવક આગમજ્ઞધુરંધર સૈદ્ધાન્તિક સમર્થ મહાપુરુષ માટે મૌન અને ઉદાસીનતા જ ધારણ કર્યાં છે. ફક્ત પંદરમી સદીમાં થયેલા શ્રીમાન **જિનમંડનગણિ**એ તેમના **'કુમારપાલપ્રબંધ'**માં 'આચાર્ય શ્રી **હેમચન્દ્ર** વિદ્યાસાધન માટે જાય છે' એ પ્રસંગમાં આચાર્ય શ્રી **મલયગિરિ**ને લગતી વિશિષ્ટ બાબતનો ઉલ્લેખ કર્યો છે, જેનો ઉતારો અહીં આપવામાં આવે છે—

"एकदा श्रीगुरूनापृगच्छयान्यगच्छीयदेवेन्द्रसूरि-मलयगिरिभ्यां सह कलाकलापकौशलाद्यर्थं गौडदेशं प्रति प्रस्थिताः खिल्लूरग्रामे च त्रयो जना गताः। तत्र ग्लानो मुनिर्वैयावृत्यादिना प्रतिचरितः। स श्रीरैवतकतीर्थे देवनमस्करणकृतार्त्तिः। यावद्ग्रामाध्यक्षश्राद्धेभ्यः सुखासनं प्रगुणीकृत्य ते रात्रौ सुप्तास्तावत् प्रत्यूषे प्रबुद्धाः स्वं रैवतके पश्यन्ति। शासनदेवता प्रत्यक्षीभूय कृतगुणस्तुतिः 'भाग्यवतां भवतामत्र स्थितानां सर्वं भावि' इति गौडदेशे गमनं निषिध्य महौषधीरनेकान्मन्त्राम्नामप्रभावाद्याख्यानपूर्वमाख्याय स्वस्थानं जगाम।

एकदा श्रीगुरुभिः सुमुहूर्ते दीपोत्सवचतुर्दशीरात्रौ श्रीसिद्धचक्रमन्त्रः साम्नायः समुपदिष्टः। स च पद्मिनीस्त्रीकृतोत्तरसाधकत्वेन साध्यते ततः सिध्यति, याचितं वरं दत्ते, नान्यथा। × × × × ते च त्रयः कृतपूर्वकृत्याः श्रीअम्बिकाकृतसान्निध्याः शुभध्यानधीरधियः श्रीरैवतकदैवतदृष्टौ त्रियामिन्यामाह्वाना-ऽवगुण्ठन-मुद्राकरण-मन्त्रन्यास–विसर्जनादिभिरुपचारैर्गुरूक्तविधिना समीपस्थपद्मिनीस्त्रीकृतोत्तरसाधकक्रियाः श्रीसिद्धचक्रमन्त्रमसाधयन्। ततः इन्द्रसामानिकदेवोऽस्याधिष्ठाता श्रीविमलेश्वरनामा प्रत्यक्षीभूय पुष्पवृष्टिं विधाय 'स्वेप्सितं वरं वृणुत' इत्युवाच। ततः श्रीहेम-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सूरिणा राजप्रतिबोधः, देवेन्द्रसूरिणा निजावदातकरणाय कान्तीनगर्याः प्रासाद एकरात्रौ ध्यानबलेन सेरीसकग्रामे समानीत इति जनप्रसिद्धिः, मलयगिरिसूरिणा सिद्धान्तवृत्तिकरणवर इति । त्रयाणां वरं दत्त्वा देवः स्वस्थानमगात् ।"

जिनमण्डनीय कुमारपालप्रबन्ध, पत्र १२–१३ ॥

ભાવાર્થ—"આચાર્ય શ્રી **હેમચન્દ્રે** ગુરુની આજ્ઞા લઈ અન્યગચ્છીય શ્રી **દેવેન્દ્રસૂરિ** અને શ્રી **મલયગિરિ** સાથે કળાઓમાં કુશળતા મેળવવા માટે **ગૌડદેશ** તરફ વિહાર કર્યો. રસ્તામાં આવતા **ખિલૂર** ગામમાં એક સાધુ માંદા હતા તેમની ત્રણે જણાએ સારી રીતે સેવા કરી. તે સાધુ **ગિરનાર** તીર્થની યાત્રા માટે ખૂબ ઝંખતા હતા. તેમની અંતસમયની ભાવના પૂરી કરવા માટે ગામના લોકોને સમજાવી પાલખી વગેરે સાધનનો બંદોબસ્ત કરી રાત્રે સૂઈ ગયા. સવારે ઊઠીને જુએ છે તો ત્રણે જણા પોતાની જાતને **ગિરનાર**માં જુએ છે. આ વખતે શાસનદેવતાએ આવીને તેમને કહ્યું કે, આપ સૌનું ધારેલું બધુંય કામ અહીં જ પાર પડી જશે. હવે આપને આ માટે **ગૌડદેશ**માં જવાની જરૂરત નથી. અને વિધિ, નામ, માહાત્મ્ય કહેવાપૂર્વક અનેક મંત્ર, ઔષધી વગેરે આપી દેવી પોતાને ઠેકાણે ચાલી ગઈ.

એક વખત ગુરુમહારાજે તેમને **સિદ્ધચક્ર**નો મંત્ર આમ્નાય સાથે આપ્યો, જે કાળી ચૌદશની રાતે પદ્મિની સ્ત્રીના ઉત્તરસાધકપણાથી સિદ્ધ કરી શકાય. * * * * * ત્રણે જણાએ વિદ્યાસાધનના પુરશ્ચરણને સિદ્ધ કરી, **અંબિકા** દેવીની સહાયથી ભગવાન શ્રી **નેમિનાથ** સામે બેસી **સિદ્ધચક્રમંત્ર**ની આરાધના કરી. મંત્રના અધિષ્ઠાયક શ્રી **વિમલેશ્વરદેવે** પ્રસન્ન થઈ ત્રણે જણાને કહ્યું કે, તમને ગમતું વરદાન માગો. ત્યારે શ્રી **હેમચન્દ્રે** રાજાને પ્રતિબોધ કરવાનું, શ્રી **દેવેન્દ્રસૂરિ**એ એક રાતમાં **કાન્તી** નગરીથી **સેરીસા**માં મંદિર લાવવાનું અને શ્રી **મલયગિરિસૂરિ**એ જૈન સિદ્ધાંતોની વૃત્તિઓ રચવાનું વર માગ્યું. ત્રણેને તેમની ઇચ્છા પ્રમાણેનું વર આપી દેવ પોતાને સ્થાને ચાલ્યો ગયો."

ઉપર **કુમારપાલપ્રબંધ**માંથી જે ઉતારો આપવામાં આવ્યો છે, એમાં **મલયગિરિ** નામનો જે ઉલ્લેખ છે એ બીજા કોઈ નહિ, પણ જૈન આગમોની વૃત્તિઓ રચવાનું વર માગનાર હોઈ પ્રસ્તુત મલયગિરિ જ છે. આ ઉલ્લેખ ટૂંકો હોવા છતાં એમાં નીચેની મહત્ત્વની બાબતોનો ઉલ્લેખ થયેલો આપણે જોઈ શકીએ છીએ: ૧. પૂજ્ય શ્રી **મલયગિરિ** ભગવાન શ્રી **હેમચન્દ્ર** સાથે વિદ્યાસાધન માટે ગયા હતા. ૨. તેમણે જૈન આગમોની ટીકાઓ રચવા માટે વરદાન મેળવ્યું હતું અથવા એ માટે પોતે ઉત્સુક હોઈ યોગ્ય સાહાય્યની માગણી કરી હતી. ૩. '**મલયગિરિસૂરિણા**' એ ઉલ્લેખથી શ્રી **મલયગિરિ** આચાર્યપદ વિભૂષિત હતા.

શ્રી મલયગિરિ અને તેમનું સૂરિપદ

પૂજ્ય શ્રી **મલયગિરિ** મહારાજ આચાર્યપદ વિભૂષિત હતા કે નહિ ? એ પ્રશ્નનો વિચાર આવતાં જો આપણે સામાન્ય રીતે તેમના રચેલા ગ્રંથોના અંતની પ્રશસ્તિઓ તરફ નજર કરીશું તો આપણે તેમાં તેઓશ્રી માટે "यदवापि मलयगिरिणा" એટલા સામાન્ય નામનિર્દેશ સિવાય બીજો કશોય ખાસ વિશેષ ઉલ્લેખ જોઈ શકીશું નહિ. તેમ જ તેમના પછી લગભગ એક સૈકા બાદ એટલે કે ચૌદમી[1] સદીની શરૂઆતમાં થનાર તપાગચ્છીય આચાર્ય શ્રી **ક્ષેમકીર્તિસૂરિ**એ શ્રી **મલયગિરિ**વિરચિત

---

૧. 'बृहत्कल्पसूत्र'ની ટીકા આચાર્ય **શ્રી ક્ષેમકીર્તિ**એ વિ. સં. ૧૩૩૨માં પૂર્ણ કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૃહત્કલ્પસૂત્રની અપૂર્ણ ટીકાના અનુસંધાનના મંગલાચરણ[1] અને ઉત્થાનિકામાં પણ એમને માટે આચાર્ય તરીકેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો નથી. એ વિષેનો સ્પષ્ટ ઉલ્લેખ તો આપણને પંદરમી સદીમાં થનાર શ્રી **જિનમંડનગણિના 'કુમારપાલપ્રબંધ'**માં જ મળે છે. એટલે સૌકોઈને એમ લાગશે કે તેઓશ્રી માટે આચાર્ય તરીકેનો નિર્દેશ કરવા માટે આચાર્ય શ્રી **ક્ષેમકીર્તિ** જેવાએ જ્યારે ઉપેક્ષા કરી છે તો તેઓશ્રી વાસ્તવિક રીતે આચાર્યપદવિભૂષિત હશે કે કેમ? અને અમને પણ એ માટે તર્ક-વિતર્ક થતા હતા. પરંતુ તપાસ કરતાં અમને એક એવું પ્રમાણ જડી ગયું કે જેથી તેઓશ્રીના આચાર્યપદવિભૂષિત હોવા માટે બીજા કોઈ પ્રમાણની આવશ્યકતા રહે જ નહિ. એ પ્રમાણ ખુદ શ્રી **મલયગિરિ**વિરચિત સ્વોપજ્ઞશબ્દાનુશાસનમાંનું છે, જેનો ઉલ્લેખ અહીં કરવામાં આવે છે.[2]

" एवं कृतमङ्गलरक्षाविधानः परिपूर्णमल्पग्रंथं लघूपाय आचार्यो मलयगिरिः शब्दानुशासनमारभते । "

આ ઉલ્લેખ જોયા પછી કોઈને પણ તેઓશ્રીના આચાર્યપણા વિષે શંકા રહેશે નહિ.

શ્રી **મલયગિરિસૂરિ અને આચાર્ય** શ્રી **હેમચંદ્રનો સંબંધ**—ઉપર આપણે જોઈ આવ્યા છીએ કે **મલયગિરિસૂરિ** અને ભગવાન શ્રી **હેમચંદ્રાચાર્ય** વિદ્યાભ્યાસને વિકસાવવા માટે તેમ જ મંત્ર-વિદ્યાની સાધના માટે સાથે રહેતા હતા અને સાથે વિહારાદિ પણ કરતા હતા. આ ઉપરથી તેઓ પરસ્પર અતિનિકટ સંબંધ ધરાવતા હતા, તે છતાં એ સંબંધ કેટલી હદ સુધીનો હતો અને તેણે કેવું રૂપ લીધું હતું એ જાણવા માટે આચાર્ય શ્રી **મલયગિરિ**એ પોતાની આવશ્યકવૃત્તિમાં ભગવાન શ્રી **હેમચંદ્ર**ની કૃતિમાંનું એક પ્રમાણ ટાંકતાં તેઓશ્રી માટે જે પ્રકારનો બહુમાનભર્યો ઉલ્લેખ કર્યો છે તે આપણે જોઈએ. આચાર્ય શ્રી **મલયગિરિ**નો ઉલ્લેખ આ પ્રમાણે છે :

" तथा चाहुः स्तुतिषु गुरवः—

अन्योन्यपक्षप्रतिपक्षभावाद्, यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन्, न पक्षपाती समयस्तथा ते ॥ '

हेमचन्द्रकृत अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका, श्लोक ३० ॥

આ ઉલ્લેખમાં શ્રી **મલયગિરિ**એ ભગવાન શ્રી **હેમચંદ્ર**નો નિર્દેશ "गुरवः" એવા અતિ બહુમાન-ભર્યા શબ્દથી કર્યો છે. આ ઉપરથી ભગવાન શ્રી **હેમચંદ્ર**ના પાંડિત્ય, પ્રભાવ અને ગુણોની છાપ શ્રી **મલયગિરિ** જેવા સમર્થ મહાપુરુષ પર કેટલી ઊંડી પડી હતી એની કલ્પના આપણે સહેજે કરી શકીએ છીએ. સાથે સાથે આપણે એ પણ અનુમાન કરી શકીએ કે શ્રી **મલયગિરિ** શ્રી **હેમચંદ્રસૂરિ** કરતાં વયમાં ભલે નાના-મોટા હોય, પરંતુ વ્રતપર્યાયમાં તો તેઓ શ્રી **હેમચંદ્ર** કરતાં નાના જ હતા. નહિ તો તેઓ શ્રી હેમચંદ્રાચાર્ય માટે ગમે તેટલાં ગૌરવસૂચક વિશેષણો લખે પણ "गुरवः" એમ તો ન જ લખે.

---

૧ " आगमदुर्गमपदसंशयादितापो विलीयते विदुषाम् । यद्वचनचन्दनरसैर्मलयगिरिः स जयति यथार्थः ॥ ५ ॥ श्रीमलयगिरिप्रभवो, यां कर्तुमुपाक्रमन्त मतिमन्तः । सा कल्पशास्त्रटीका, मयाऽनुसन्धीयतेऽल्पधिया ॥ ८ ॥

२ "—चूर्णिकृता चूर्णिरासूत्रिता तथापि सा निबिडजडिमजम्बालजटालानामस्मादृशां जन्तूनां न तथाविधमवबोधनिबन्धनमुपजायत इति परिभाव्य शब्दानुशासनादिविश्वविद्यामयज्योतिः-पुञ्जपरमाणुघटितमूर्तिभिः श्रीमलयगिरिमुनीन्द्रर्षिपादैः विवरणमुपचक्रमे । "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલયગિરિની ગ્રંથરચના–આચાર્ય શ્રી **મલયગિરિ**એ કેટલા ગ્રંથ રચ્યા હતા એ વિષેનો સ્પષ્ટ ઉલ્લેખ ક્યાંય જોવામાં નથી આવતો. તેમ છતાં તેમના જે ગ્રંથો અત્યારે મળે છે, તેમ જ જે ગ્રંથોનાં નામોનો ઉલ્લેખ તેમની કૃતિમાં મળવા છતાં અત્યારે એ મળતા નથી, એ બધાયની યથાપ્રાપ્ત નોંધ આ નીચે આપવામાં આવે છે:

મળતા ગ્રંથો

નામ	ગ્રંથશ્લોકપ્રમાણ[1]	
१ भगवतीसूत्र द्वितीयशतकवृत्ति	३७५०	
२ राजप्रश्नीयोपाङ्गटीका	३७००	मुद्रित
३ जीवाभिगमोपाङ्गटीका	१६०००	मुद्रित
४ प्रज्ञापनोपाङ्गटीका	१६०००	मुद्रित
५ चन्द्रप्रज्ञप्त्युपाङ्गटीका	६५००	
६ सूर्यप्रज्ञप्त्युपाङ्गटीका	६५००	मुद्रित
७ नन्दीसूत्रटीका	७७३२	मुद्रित
८ व्यवहारसूत्रवृत्ति	३४०००	मुद्रित
९ बृहत्कल्पपीठिकावृत्ति–अपूर्ण	४६००	मुद्रित
१० आवश्यकवृत्ति–अपूर्ण	१८०००	मुद्रित
११ पिण्डनिर्युक्तिटीका	६७००	मुद्रित
१२ ज्योतिष्करण्डकटीका	५०००	मुद्रित
१३ धर्मसंग्रहणीवृत्ति	१००००	मुद्रित
१४ कर्मप्रकृतिवृत्ति	८०००	मुद्रित
१५ पंचसंग्रहवृत्ति	१८८५०	मुद्रित
१६ षडशीतिवृत्ति	२०००	मुद्रित
१७ सप्ततिकावृत्ति	३७८०	मुद्रित
१८ बृहत्संग्रणीवृत्ति	५०००	मुद्रित
१९ बृहत्क्षेत्रसमासवृत्ति	९५००	मुद्रित
२० मलयगिरिशब्दानुशासन	५०००	(?)

અલભ્ય ગ્રંથો

१ जम्बूद्वीपप्रज्ञप्ति टीका
२ ओघनिर्यक्ति टीका
३ विशेषावश्यक टीका
४ तत्त्वार्थाधिगमसूत्र टका[2]
५ धर्मसारप्रकरण टीका[3]
६ देवेन्द्रनरकेन्द्रप्रकरण टीका[4]

---

૧. અહીં આપવામાં આવેલી શ્લોકસંખ્યા કેટલાકની મૂળગ્રંથ સહિતની છે.

૨. "यथा च प्रमाणबाधित्वं तथा तत्त्वार्थटीकायां भावितमिति ततोऽवधार्यम् ।" प्रज्ञापनासूत्र टीका ॥

૩. "यथा चापुरुषार्थता अर्थकामयोस्तथा धर्मसारटीकायामभिहितमिति नेह प्रतायते ।" धर्मसंग्रहणी टीका ॥

૪. "वृत्तादीनां च प्रतिपृथिवि परिमाणं देवेन्द्रनरकेन्द्रे प्रपञ्चितमिति नेह भूयः प्रपञ्चयते" संग्रहणीवृत्ति, पत्र १०९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં જે ગ્રંથોનાં નામોની નોંધ આપવામાં આવી છે તેમાંથી **શ્રીમલયગિરિશબ્દાનુશાસન** સિવાયના બધાય ગ્રંથો ટીકાત્મક જ છે. એટલે આપણે આચાર્ય **મલયગિરિને** ગ્રંથકાર તરીકે ઓળખીએ તે કરતાં તેમને **ટીકાકાર** તરીકે ઓળખવા એ જ સુસંગત છે.

આચાર્ય શ્રી મલયગિરિની ટીકારચના—આજ સુધીમાં આચાર્ય શ્રી **હરિભદ્ર**, **ગંધહસ્તી સિદ્ધસેનાચાર્ય**, **શ્રીમાન કોટ્યાચાર્ય**, આચાર્ય **શ્રી શીલાંક**, **નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ**, **મલધારી** આચાર્ય **શ્રી હેમચંદ્ર**, તપા શ્રી **દેવેન્દ્રસૂરિ** આદિ અનેક સમર્થ ટીકાકાર આચાર્યો થઈ ગયા છે, તે છતાં આચાર્ય **શ્રી મલયગિરિએ** ટીકાનિર્માણના ક્ષેત્રમાં એક જુદી જ ભાત પાડી છે. શ્રી **મલયગિરિની** ટીકા એટલે તેમના **પૂર્વવર્તી** તે તે વિષયના પ્રાચીન ગ્રંથો, ચૂર્ણિ, ટીકા, ટિપ્પણ આદિ અનેક શાસ્ત્રોના દોહન ઉપરાંત પોતા તરફના તે તે વિષયને લગતા વિચારોની પરિપૂર્ણતા સમજવી જોઈએ. ગંભીરમાં ગંભીર વિષયોને ચર્ચતી વખતે પણ ભાષાની પ્રાસાદિકતા, પ્રૌઢિ અને સ્પષ્ટતામાં જરા સરખી પણ ઊણપ નજરે પડતી નથી અને વિષયની વિશદતા એટલી જ કાયમ રહે છે.

આચાર્ય **મલયગિરિની** ટીકા રચવાની પદ્ધતિ ટૂંકમાં આ પ્રમાણેની છે: તેઓશ્રી સૌપહેલાં મૂળસૂત્ર, ગાથા કે શ્લોકના શબ્દાર્થની વ્યાખ્યા કરતાં જે સ્પષ્ટ કરવાનું હોય તે સાથે કહી દે છે. ત્યાર પછી જે વિષયો પરત્વે વિશેષ સ્પષ્ટીકરણની આવશ્યકતા હોય તેમને " अयं भावः, किमुक्तं भवति, अयमाशयः, इदमत्र हृदयम् " ઇત્યાદિ લખી આખાય વક્તવ્યનો સાર કહી દે છે. આ રીતે પ્રત્યેક વિષયને સ્પષ્ટ કર્યા પછી તેને લગતાં પ્રાસંગિક અને અનુપ્રાસંગિક વિષયોને ચર્ચવાનું તેમ જ તદ્વિષયક અનેક પ્રાચીન પ્રમાણોનો ઉલ્લેખ કરવાનું પણ તેઓશ્રી ચૂકતા નથી, એટલું જ નહિ, પણ જે પ્રમાણોનો પોતે ઉલ્લેખ કર્યો હોય તેને અંગે જરૂરત જણાય ત્યાં વિષમ શબ્દોના અર્થો, વ્યાખ્યા કે ભાવાર્થ લખવાનું પણ તેઓ ભૂલતા નથી, જેથી કોઈ પણ અભ્યાસીને તેના અર્થ માટે મૂંઝાવું ન પડે કે ફાંફાં મારવાં ન પડે. આ કારણસર તેમ જ ઉપર જણાવવામાં આવ્યું તેમ ભાષાની પ્રાસાદિકતા અને અર્થ તેમ જ વિષયપ્રતિપાદન કરવાની વિશદ **પદ્ધતિને** લીધે આચાર્ય શ્રી **મલયગિરિની** ટીકાઓ અને તેમનું ટીકાકારપણું સમગ્ર જૈન સમાજમાં **ખૂબ** જ પ્રતિષ્ઠા પામ્યાં છે.

આચાર્ય મલયગિરિનું બહુશ્રુતપણું—આચાર્ય **મલયગિરિકૃત** મહાન ગ્રંથરાશિનું અવગાહન કરતાં તેમાં જે અનેક આગમિક અને દાર્શનિક વિષયોની ચર્ચા છે, તેમ જ પ્રસંગે પ્રસંગે તે તે વિષયને લગતાં જે અનેકાનેક કલ્પનાતીત શાસ્ત્રીય પ્રમાણો ટાંકેલાં છે, એ જોતાં આપણે સમજી શકીશું કે, તેઓશ્રી માત્ર જૈન વાઙ્મયનું જ જ્ઞાન ધરાવતા હતા એમ નહોતું; પરંતુ ઉચ્ચમાં ઉચ્ચ કક્ષાના ભારતીય જૈન-જૈનેતર દાર્શનિક સાહિત્ય, જ્યોતિર્વિદ્યા, ગણિતશાસ્ત્ર, લક્ષણશાસ્ત્ર આદિને લગતા વિવિધ અને વિશિષ્ટ શાસ્ત્રીય જ્ઞાનનો વિશાળ વારસો ધરાવનાર મહાપુરુષ હતા. તેઓશ્રીએ પોતાના ગ્રંથોમાં જે રીતે પદાર્થોનું નિરૂપણ કર્યું છે એ તરફ આપણે સૂક્ષ્મ રીતે ધ્યાન આપીશું તો આપણને લાગશે કે એ મહાપુરુષ વિપુલ વાઙ્મયવારિધિને ઘૂંટીને પી જ ગયા હતા, અને આમ કહેવામાં આપણે જરા પણ અતિશયોક્તિ નથી જ કરતા. પૂજ્ય આચાર્ય શ્રી **મલયગિરિસૂરિવરમાં** ભલે ગમે તેટલું વિશ્વવિદ્યાવિષયક પાંડિત્ય હો, તે છતાં તેઓશ્રી એકાંત નિર્વૃતિમાગના ધોરી અને નિર્વૃતિમાર્ગપરાયણ હોઈ તેમને આપણે નિર્વૃતિમાર્ગપરાયણ જૈનધર્મની પરિભાષામાં **આગમિક** કે **સૈદ્ધાંતિક યુગપ્રધાન** આચાર્ય તરીકે ઓળખીએ એ જ વધારે ઘટમાન વસ્તુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય મલયગિરિનું આન્તરજીવન—વીરવર્દ્ધમાન-જૈન-પ્રવચનના અલંકારસ્વરૂપ, યુગ-પ્રધાન, આચાર્યપ્રવર શ્રી **મલયગિરિ** મહારાજની જીવનરેખા વિષે એકાએક કાંઈ પણ બોલવું કે લખવું એ ખરે જ એક અઘરું કામ છે, તે છતાં એ મહાપુરુષ માટે ટૂંકમાં પણ લખ્યા સિવાય રહી શકાય તેમ નથી.

આચાર્ય શ્રી **મલયગિરિ**વિરચિત જે વિશાળ ગ્રંથરાશિ આજે આપણી નજર સામે વિદ્યમાન છે એ પોતે જ એ પ્રભાવક પુરુષના આંતરજીવનની રેખા દોરી રહેલ છે. એ ગ્રંથરાશિ અને તેમાં વર્ણવાયલાં પદાર્થો આપણને કહી રહ્યા છે કે, એ પ્રજ્ઞાપ્રધાન પુરુષ મહાન જ્ઞાનયોગી, કર્મયોગી, આત્મયોગી, અગર જે માનો તે હતા. એ ગુણધામ અને પુણ્યનામ મહાપુરુષે પોતાની જાતને એટલી છુપાવી છે કે એમના વિશાળ સાહિત્યરાશિમાં કોઈ પણ ઠેકાણે એમણે પોતાને માટે "**यदवाचि मलयगिरिणा**" એટલા સામાન્ય નામનિર્દેશ સિવાય કશુંય લખ્યું નથી. વાર વાર વંદન હો એ માન-મદવિરહિત મહાપુરુષના પાદપદ્મને !

સંશોધન માટે એકત્ર કરેલી હસ્તલિખિત પ્રતિઓ

પ્રસ્તુત વિભાગમાં પ્રકાશન પામતા પાંચમા-છઠ્ઠા કર્મગ્રંથના સંશોધન માટે પ્રાચીન તાડપત્રીય અને કાગળ ઉપર લખાયેલ સાત પ્રતિઓ એકઠી કરવામાં આવી હતી, જેના સંકેત વગેરેનો પરિચય અહીં આપવામાં આવે છે.

૧-૨. સં. ૧ અને સં. ૨ સંજ્ઞક પ્રતિઓ—આ બંનેય પ્રતિઓ પાટણ-સંઘવીના પાડાના તાડપત્રીય જ્ઞાનભંડારની છે. એ ભંડાર અત્યારે શા. સેવંતીલાલ છોટાલાલ પટવાની સંભાળ નીચે છે.

સં. ૧ સંજ્ઞક પ્રતિ તાડપત્રીય છે અને તે સટીક છયે કર્મગ્રંથની છે. તેનાં પાનાં ૩૫૧ છે અને તેની લંબાઈ-પહોળાઈ ૩૫॥ × ૨॥ ઇંચની છે. પ્રતિની દરેક પૂંઠીમાં વધારેમાં વધારે ૭ અને ઓછામાં ઓછી ચાર પંક્તિઓ લખાયેલી છે. એની લિપિ તેમ જ સ્થિતિ ઘણી જ સારી છે અને તેના અંતમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે :

" इति श्रीमलयगिरिविरचिता सप्ततिटीका समाप्ता ॥ छ ॥ ग्रन्थाग्रम् ३८८० ॥ छ ॥ संवत् १४६२ वर्षे माघ शुदि ६ भोमे अद्येह श्रीपत्तने लिखितम् ॥ छ ॥ शुभं भवतु ॥

उकेशवंशसम्भूतः, प्रभूतसुकृतादरः ।
वासी साण्डउसीग्रामे, सुश्रेष्ठी महुणाभिधः ॥ १ ॥
मोघीकृताघसङ्घाता, मोघीरप्रतिघोदया ।
नानापुण्यक्रियानिष्ठा, जाता तस्य सधर्मिणी ॥ २ ॥
तयोः पुत्री पवित्राशा, प्रशस्या गुणसम्पदा ।
हादूर्दूरीकृता दोषैर्धर्मकर्मैककर्मठा ॥ ३ ॥
शुद्धसम्यकत्वमाणिक्यालङ्कृतः सुकृतोदयः ।
एतस्या भागिनेयोऽभूदाकाकः श्रावकोत्तमः ॥ ४ ॥
श्रीजैनशासननभोऽङ्गणभास्कराणां
श्रीमत्तपागणपयोधिसुधाकराणाम् ।
विश्वाद्भुतातिशयराशियुगोत्तमानां
श्रीदेवसुन्दरगुरुप्रथिताभिधानाम् ॥ ५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुण्योपदेशमथ पेशलसन्निवेशं
तत्त्वप्रकाशविशदं विनिशम्य सम्यक् ।
एतत्सुपुस्तकमलेखयदुत्तमाशा
सा श्राविका विपुलबोधसमृद्धिहेतोः ॥ ६ ॥
बाणाङ्गवेदेन्दुमिते १४६५ प्रवृत्ते
संवत्सरे विक्रमभूपतीये ।
श्रीपत्तनाह्वानपुरे वरेण्ये,
श्रीज्ञानकोशे निहितं तयेदम् ॥ ७ ॥
यावद्व्योमारविन्दे कनकगिरिमहाकर्णिकाकीर्णमध्ये
विस्तीर्णोदीर्णकाष्ठातुलदलकलिते सर्वदोज्जृम्भमाणे ।
पक्षद्वन्द्वावयातौ वरतरगतितः खेलतौ राजहंसौ
तावज्जीयादजस्रं कृतियतिभिरिदं पुस्तकं वाच्यमानम् ॥ ८ ॥
शुभं भवतु ॥ "

સં. ૨ પ્રતિ પણ તાડપત્રીય છે અને સટીક પાંચ કર્મગ્રંથ સુધીની છે. તેનાં પાનાં ૨થી ૩૦૬ છે અને પાંચમા કર્મગ્રંથનો અંતનો થોડો ભાગ ખૂટે છે. પ્રતિની લંબાઈ–પહોળાઈ ૨૨।×૨। ઇંચની છે. દરેક પૂંઠીમાં ૭ કે સાત લીટીઓ છે. પ્રતિના દેખાવ અને લિપિને ધ્યાનમાં લેતાં એ ચૌદમી સદીમાં લખાયેલી લાગે છે. એની સ્થિતિ સાધારણ છે.

ઉપર્યુક્ત બંનેય પ્રતિઓની પંક્તિઓ અવ્યવસ્થિત હોવાને લીધે તેની અક્ષરસંખ્યા જણાવી નથી. આ બંનેય પ્રતિઓ લાંબી હોઈ ત્રણ વિભાગમાં લખાયેલી છે અને એનાં પાનાંને દોરાથી વ્યવસ્થિત રાખવા માટે વચલા બે વિભાગમાં કાણાં પાડેલાં છે.

૩. સં. ૨ સંજ્ઞક પ્રતિ—આ પ્રતિ પણ ઉપર્યુક્ત સંઘવીના પાડાના તાડપત્રીય ભંડારની જ છે અને તાડપત્ર ઉપર લખાએલ છે. આ પ્રતિ ફક્ત આચાર્ય **મલયગિરિ**કૃત ટીકાયુક્ત सप्ततिका કર્મ-ગ્રંથની છે. એની પત્રસંખ્યા ૧૨૨ છે. તે પૈકી ૪૫, ૬૬, ૧૦૧, ૧૦૮ એ ચાર પાનાં ખોવાઈ ગયાં છે. પ્રતિની લંબાઈ-પહોળાઈ ૧૪×૨।। ઇંચની છે અને પૂંઠી દીઠ પાંચથી સાત લીટીઓ છે. પ્રતિ જીર્ણ સ્થિતિમાં છે. પ્રતિ બે વિભાગમાં લખાયેલી છે અને તેનાં પાનાંને વ્યવસ્થિત રાખી શકાય એ માટે વચલા વિભાગમાં દોરો પરોવવા માટે એક કાણું પાડવામાં આવ્યું છે. પ્રતિના અંતમાં નીચે મુજબની ગ્રંથના નામ અને લેખનસમયને દર્શાવતી પુષ્પિકા છે :

" इति मलयगिरिविरचिता सप्ततिकाटीका समाप्ता ॥ छ ॥ छ ॥ ६०३ ॥ छ ॥ छ ॥ संवत् १२२१ वर्षे......शुद ६ बुधे ॥ ग्रंथाग्रं ॥ ३७८० ॥ "

ઉપર એક વાર સં. ૨ સંજ્ઞક પ્રતિનો પરિચય આપી દેવા છતાં અહીં બીજી વાર સં. ૨ સંજ્ઞક પ્રતિનો પરિચય આપવામાં આવ્યો છે એનો આશય એ છે કે, ઉપરોક્ત સં. ૨ સંજ્ઞક પ્રતિ પાંચ કર્મગ્રંથ સુધીની છે. અને આ સં. ૨ સંજ્ઞક પ્રતિ માત્ર सप्ततिका કર્મગ્રંથની છે. બન્નેય પ્રતિઓ એક જ ભંડારની છે એટલે આ પ્રતિને અમે ઉપરોકત પ્રતિના અનુસંધાન તરીકે સં. ૨ એ સંજ્ઞાથી જ ઓળખાવી છે.

આ પ્રતિની શરૂઆત પત્ર ૧ થી થવા છતાં એમાં सप्ततिका ટીકાની શરૂઆત ગાથા ૩૧ની ટીકાના અંત ભાગથી થાય છે એ એક વિચિત્રતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. સં. સંજ્ઞક પ્રતિ—આ પ્રતિ પાટણશ્રીસંઘના વિશાળ જ્ઞાનભંડારની છે, જે અત્યારે શેઠ ધર્મચંદ અભયચંદની પેઢીના કાર્યવાહકોની દેખરેખ નીચે છે. આ પ્રતિ તાડપત્ર ઉપર લખાયેલી છે અને તે ફક્ત સટીક સપ્તતિકા કર્મગ્રંથની છે. એનાં પાનાં ૨૮૦ છે. એની લંબાઈ-પહોળાઈ ૧૫।।×૨ ઇંચની છે. પાનાની પૂંઠી દીઠ ચારથી ૭ પંક્તિઓ છે. પ્રતિની સ્થિતિ સારી છે. અંતમાં નીચે પ્રમાણેની સાદી પુષ્પિકા છે :

इति श्री मलय......सप्ततिकाटीका समाप्ता: ॥ छ ॥ ग्रंथाग्रं ३८८० ॥ छ ॥ मंगलं महाश्रीः ॥ शुभं भवतु श्रीसंघस्य ॥

પ્રતિના અંતમાં સંવતનો ઉલ્લેખ નથી તે છતાં તેની સ્થિતિ જોતાં એ ચૌદમી સદીની શરૂઆતમાં લખાઈ હોય એમ લાગે છે.

૫. મ. સંજ્ઞક પ્રતિ—આ પ્રતિ પાટણનિવાસી શા. મલુકચંદ દોલાચંદ હસ્તકની છે અને તે કાગળ ઉપર લખાયેલી છે. પ્રતિ સટીક છયે કર્મગ્રંથની અને ત્રિપાઠ લખાયેલ છે. એનાં પત્ર ૨૯૨ છે. પ્રતિની લંબાઈ-પહોળાઈ ૧૦।।×૪।। ઇંચની છે. દરેક પૃષ્ઠમાં ચૌદથી સોળ પંક્તિઓ છે અને પંક્તિ દીઠ ૫૦ થી ૬૨ અક્ષરો છે. પ્રતિની સ્થિતિ ઘણી જ સારી છે. અંતમાં નીચે પ્રમાણે પુષ્પિકા છે :

" इति श्रीमलयगिरिसूरिविरचिता सप्ततिटीका समाप्ता ॥ छ ॥ ॥ संवत् १७०४ वर्षे कार्त्तिक शुदि ८ सोमे लिखितं ॥ ॥ ग्रंथाग्रं ३८८० ॥ सर्वग्रंथाग्रं १४०५२ ॥ ॥ छ ॥ ॥ छ ॥ ॥ ॥ श्रीः ॥ ॥ श्रीरस्तु ॥ ॥ छ ॥ ॥ छ ॥

चतुर्दशसहस्राणि, सार्धशतसमन्वितम् ।
ग्रन्थं कर्मविपाकानां, षण्णामत्र निरूपितम् ॥ १ ॥

तच्च वाच्यमानारवोवसीयमाना भवतु ॥ श्रीराजनगरे लिखिता ॥

एतस्यां शुचिसम्प्रदायविगमात्तादृक्सुशास्त्रेक्षणा–
भावाद्ग्रन्थगतार्थबोधविहराद्बुद्धेश्च मान्द्यान्मया ।
दुष्टं क्लिष्टमशिष्ट [मत्र] समयातीतं च यत्किञ्चन
प्राज्ञैः शास्त्रविचारचारुहृदयैः क्षम्यं च शोध्यं च तत् ॥ १ ॥
श्रीमज्जैनमतं यावज्जयत्जगतीहितम् ।
अस्तु वृत्तिरियं तावदभुवि भव्योपकारिणी ॥ २ ॥ इति भद्रम् ॥

૬. ત. સંજ્ઞક પ્રતિ—આ પ્રતિ પાટણ-ફોફળિયાવાડાની આગલી શેરીમાંના તપાગચ્છીય પુસ્તકભંડારની છે. આ ભંડાર અત્યારે શા. મલુકચંદ દોલાચંદની દેખરેખમાં છે. પ્રતિ કાગળ ઉપર ત્રિપાટ લખાયેલી છે અને સટીક છયે કર્મગ્રંથની છે. તેનાં પાનાં ૧૧૯ છે. પ્રતિની લંબાઈ–પહોળાઈ ૧૦।।×૪।। ઇંચ છે. પાનાની દરેક પૂંઠીમાં ૨૪ થી ૨૭ લીટીઓ છે અને લીટી દીઠ ૬૩ થી ૮૧ અક્ષરો છે. પ્રતિ ઘણી જ સારી સ્થિતિમાં છે અને અંતમાં આ પ્રમાણે પુષ્પિકા છે :

" संवत १६०६ वर्षे कार्त्तिक शुद ४ गुरौ दिने लिखितम् । शुभं भवतु ॥ "

૭. છા. સંજ્ઞક પ્રતિ—આ પ્રતિ વડોદરા નજીક આવેલા છાયાપુરી (છાણી) ગામના જ્ઞાનમંદિરમાં રહેલા પૂજ્યપાદ પરમ ગુરુદેવ પ્રવર્તક શ્રી ૧૦૦૮ શ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીના પુસ્તકભંડારની છે. આ જ્ઞાનભંડાર હમણાં ત્યાંના શ્રીસંઘની દેખરેખ નીચે છે. આ પ્રતિ કાગળ ઉપર શુદ્ધ લખાયેલી છે અને તે સટીક છ કર્મગ્રંથની છે. એનાં પાનાં ૨૫૬ અને લંબાઈ–પહોળાઈ ૧૦×૪।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈંચ છે. દરેક પાનામાં ૧૫ પંક્તિઓ છે અને પંક્તિ દીઠ ૫૩ થી ૬૦ અક્ષરો લખાયેલા છે. પ્રતિ ઘણી સારી સ્થિતિમાં છે. અંતમાં ખાસ પુષ્પિકા જેવું કશુંય નથી.

પ્રતિઓની શુદ્ધાશુદ્ધિ અને સંશોધન—ઉપર અમે જે સાત પ્રતિઓનો પરિચય આપ્યો છે તે પૈકી વધારે સારી અને શુદ્ધ પ્રતિઓ તાડપત્રની જ ગણાય; કાગળ ઉપર લખાયેલી પ્રતિઓ તાડપત્રીય પ્રતોથી સાધારણ રીતે બીજે નંબરે જ ગણાય. તે છતાં એ પ્રતોએ સંશોધનકાર્યમાં પૂરેપૂરી મદદ આપી છે. આ સાત પ્રાચીન-પ્રાચીનતમ પ્રતિઓને સામે રાખી પૂજ્ય ગુરુપ્રવર શ્રી ૧૦૦૮ શ્રી ચતુરવિજયજી મહારાજે પ્રસ્તુત કર્મગ્રંથના દ્વિતીય વિભાગનું અતિ ગૌરવતાભર્યું સંશોધન અને સંપાદનકાર્ય કર્યું છે અને એને પાઠાંતર વગેરેથી વિભૂષિત કર્યો છે. કર્મગ્રંથના પ્રથમ વિભાગની માફક આ વિભાગમાં પ્રત્યેક ફોર્મનાં પ્રૂફપત્રોને એક એક વાર આદિથી અંત સુધી મેં અતિ કાળજીપૂર્વક તપાસ્યાં છે તેમ જ પાઠાંતરાદિનો નિર્ણય કરવામાં યથાશક્ય સ્વલ્પ સહકાર પણ આપ્યો છે. તે છતાં આ સમગ્ર ગ્રંથના સંશોધન અને સંપાદનને લગતો બધોય ભાર પૂજ્ય ગુરુવરે જ ઉપાડ્યો છે એ મારે સ્પષ્ટ રીતે કહી દેવું જ જોઈએ.

આભાર

આ વિભાગના સંશોધનમાં ઉપયોગી હસ્તલિખિત પ્રાચીન પ્રતિઓ, ભંડારના જે જે કાર્યવાહકોએ અમને આપવા માટે ઉદારતા દર્શાવી છે, જેમનાં નામો અમે ઉપર પ્રતિઓના પરિચયમાં લખી આવ્યા છીએ, તે સૌનો આભાર માનીએ છીએ.

આ પછી અમે **સ્યાદ્વાદ મહાવિદ્યાલય, બનારસ**ના જૈન દર્શનાધ્યાપક દિગંબર વિદ્વાન શ્રીયુત **મહેન્દ્રકુમાર જૈન ન્યાયતીર્થ, ન્યાયશાસ્ત્રી**નો સવિશેષ આભાર માનીએ છીએ, જેમણે છયે કર્મગ્રંથમાં આવતા વિષયો સમ કે વિષમ રીતે **દિગમ્બરાચાર્યવિરચિત** ગ્રંથોમાં કયે કયે ઠેકાણે આવે છે તેને લગતો ગાથાવાર સ્થલનિર્દેશરૂપ સંગ્રહ તૈયાર કરી આપ્યો છે. આ સંગ્રહને અમે પ્રસ્તુત વિભાગમાં પ્રારંભમાં પ્રકાશિત કર્યો છે.

આ ઉપરાંત અમે પંડિતવર્ય શ્રીયુત **ભગવાનદાસ હર્ષચન્દ્ર**ના નામને પણ ભૂલી શકીએ તેમ નથી, કારણ કે પં. શ્રી **મહેન્દ્રકુમાર** મહાશયે તૈયાર કરેલ ઉપર જણાવેલ નોંધની નકલ એટલી ભ્રામક હતી કે એ નકલ પ્રેસમાં ચાલી શકે જ નહિ. આ સ્થિતિમાં આ ગૌરવભર્યો સંગ્રહ મુદ્રણથી વંચિત જ રહી જાત; પરંતુ પં. શ્રીયુત **ભગવાનદાસભાઈ**એ તે તે દિગંબરીય ગ્રંથો જોઈને આ સંગ્રહની સુવાચ્ય અને પ્રેસને લાયક પાંડિત્યભરી કૉપી પોતાના હાથે નવેસર કરી આપી, જેને લીધે આ સંગ્રહ પ્રકાશમાં આવ્યો અને અમારું કર્મગ્રંથોનું નવીન સંસ્કરણ વધારે ગૌરવવંતું બન્યું. આ ગૌરવ માટેનો ખરો યશ પં. શ્રી **ભગવાનદાસભાઈ**ને જ છે એમ અમે માનીએ છીએ.

ક્ષમાપ્રાર્થના—અંતમાં વિદ્વાનો સમક્ષ એટલું જ નિવેદન છે કે, પ્રસ્તુત સંસ્કરણના સંપાદન અને સંશોધનને નિર્દોષ બનાવવા તેમ જ ગૌરવયુક્ત કરવા અમે ગુરુ-શિષ્યે દરેક શક્ય પ્રયત્નો કર્યા છે. તે છતાં આમાં જે સ્ખલના કે ઊણપ જણાય તે બદલ વિદ્વાનો ક્ષમા કરે એટલું ઇચ્છી વિરમું છું.

[પંચમ-ષષ્ઠ કર્મગ્રન્થ પ્રસ્તાવના, સને ૧૯૪૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org